# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-09-2026 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## નવી દિલ્હી-12મું બ્રિક્સ શિખર સંમેલન:

**18મું બ્રિક્સ શિખર સંમેલન આજથી નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે શરૂ થશે. બે દિવસ ચાલનારા આ વૈશ્વિક સંમેલનમાં વિકાસશીલ અને ઉભરતી અર્થવ્યવસ્થાવાળા 11 દેશ ભાગ લઈ રહ્યા છે. જેમાં બ્રાઝીલ,રશિયા,ચીન,ઈન્ડોનેશિયા અને ભારત સહિતના દેશોનો સમાવેશ થાય છે. સંમેલનમાં બ્રિક્સ દેશોના નેતાઓ કેટલાક મહત્વપુર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરશે. આ વર્ષે બ્રિક્સ સંમેલનનો વિષય છે લચિલાપણુ, નવાચાર,સહયોગ અને સ્થિરતા માટે નિર્માણ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રિક્સ નેતાઓ સાથે કેટલીક દ્વિપક્ષીય બેઠકો પણ કરશે.**

**------------------------------------------------------------------------------------------------**

## પ્રધાનમંત્રી-રશિયન પ્રમુખ બેઠક:

**બ્રિકસ સંમેલનની પુર્વ સંધ્યાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને રશિયાના રાષ્ટ્ર પ્રમુખ વ્લાદીમીર પુતિન વચ્ચે ગઈકાલે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બંન્ને નેતાએ રાજકીય, આર્થિક,સંરક્ષણ, ઉર્જા,અવકાશ, કૌશલ્ય આદાન-પ્રદાન અને બંન્ને દેશોના લોકોના સંબંધિત ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારની પ્રગતિની સમીક્ષા કરી.**

**------------------------------------------------------------------------------------------------**

## રાજ્ય વિધાનસભા-વિધેયક પસાર :

**ગુજરાત વિધાનસભાના ચોમાસું સત્રના અંતિમ દિવસે ગઈકાલે 3 મહત્વના વિધેયક પસાર થયા. ગૃહમાં 'ગુજરાત ભાડા વિધેયક-2026' ગઈકાલે સર્વાનુમતે પસાર થયું. આ**

વિધેયકથી વિવાદોના ઝડપી નિકાલ માટે ભાડા સત્તામંડળ, ભાડા અદાલત અને ભાડા ન્યાયપંચ એમ ત્રિ-સ્તરીય ન્યાયિક વ્યવસ્થા અસ્તિત્વમાં આવશે.

ગૃહમાં ગઈકાલે ગુજરાત ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ વિધેયક, 2026' પણ બહુમતીથી પસાર થયું. આ વિધેયકના માધ્યમથી વિવિધ પાંચ કાયદાઓની 12 જોગવાઈઓમાં સુધારા કરી નાગરિક અને ઉદ્યોગ મૈત્રીપૂર્ણ બનાવાઇ છે. વિધેયક રજૂ કરતા ઉદ્યોગ રાજ્ય મંત્રી ડૉ.જયરામ ગામીતે જણાવ્યું કે આ વિધેયકથી નાગરિકો અને ઉદ્યોગો પરનો નિયમનકારી બોજ ઘટશે. બીજી તરફ ગઈકાલે ગુજરાત ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને એકત્રીકરણ કરવા બાબત સુધારા વિધેયક 2026 ગૃહમાં સર્વાનુમતે પસાર થયું.

---

## ઉપરાષ્ટ્રપતિ-દાદરા-દમણ મુલાકાત:

ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણન ગઈકાલથી કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવની બે દિવસની મુલાકાતે છે. તેમણે ગઈકાલે સિલવાસાના ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ સરકારી કોલેજ ખાતે એક જાહેર કાર્યક્રમમાં હાજરી આપી. તેમણે દાદરા અને નગર હવેલીને મીની ઈન્ડિયા ગણાવ્યું. તેમણે દમણની સામાજિક વિવિધતા, સાંસ્કૃતિક વારસો અને સંવાદિતાની ભાવનાની પણ પ્રશંસા કરી.

કાર્યક્રમ દરમિયાન તેમણે સ્થાનિક કારીગરોને અને શિલ્પકારોને પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત ટૂલ કીટનું વિતરણ કર્યું. ઉપરાંત નવનિયુક્ત શિક્ષકોને નિમણૂક પત્રો એનાયત કર્યા.

---

## કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી-અમદાવાદ:

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે ગઈકાલે અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટી ખાતે દરિયાકાંઠાનું માળખું, સુરક્ષા અને ટકાઉપણું અંગેની રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કર્યું. આ

**બે દિવસીય પરિષદમાં દરિયાકાંઠાનું માળખું, સુરક્ષા અને ટકાઉ વિકાસ પર અર્થપૂર્ણ ચર્ચા માટે પ્રતિષ્ઠિત શિક્ષણવિદો, સંશોધકો, નિષ્ણાતો અને હિસ્સેદારોને એકઠા થશે.**

---

## રાજ્યમંત્રી-રૂષિકેશ પટેલ-દુષ્કાળ :

**રાજ્યમાં ઓછા વરસાદની સ્થિતિ અંગે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર કેન્દ્ર સરકારના દુષ્કાળ વ્યવસ્થાપન મેન્યૂઅલ મુજબ કાર્યવાહી કરી રહી છે અને તેના આધારે જ દુષ્કાળ અંગે નિર્ણય લેવાશે. ગાંધીનગરમાં વિધાનસભા પરિસરમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે ખેડૂતોની સ્થિતિ અંગે સતત સમીક્ષા કરવામાં આવી રહી છે. જ્યારે પાક નિષ્ફળતા અંગે સરકાર યોગ્ય નિર્ણય લેશે તેમ તેઓએ ઉમેર્યું.**

---

## મુખ્ય ચુંટણી કમિશ્નર-ગુજરાત :

**ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે 18 વર્ષ પૂર્ણ કરનાર દરેક પાત્ર ભારતીય નાગરિકને મતદાર યાદીમાં નામ નોંધાવી અચૂક મતદાન કરવા પર અનુરોધ કર્યો. અમદાવાદમાં ELC અને ECINET APP વિષયક પ્રાદેશિક પરિષદ દરમિયાન તેમણે ચૂંટણી પ્રક્રિયા વિશે યુવા મતદારોના વિવિધ સવાલો સાંભળીને તેમને માર્ગદર્શન પૂરું પાડ્યું.**

---

## રાજ્ય-હવામાન-આગાહી :

**રાજ્યમાં આજથી ચાર દિવસ ભારે વરસાદની આગાહી છે. જેમાં આજે પૂર્વ, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય થવાને કારણે વરસાદની શક્યતા છે તો બીજી તરફ 15 સપ્ટેમ્બર સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ.એ.કે.દાસે જણાવ્યું.**

---

## કચ્છ-ઘાસચારા વિતરણ :

કચ્છમાં વરસાદ ખેંચાતા માલધારીઓની ઘાસની જરૂરીયાતને પહોંચી વળવા રાજ્ય સરકાર દ્વારા કચ્છમાં ઘાસચારા વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં અત્યારસુધી ૧૭ લાખ કિ.ગ્રાથી વધુ ઘાસ પશુઓ માટે અપાઇ ચુક્યું છે.

---------------------------------------------------------------------------------------------------